આત્મવિશ્વાસ વિનાનું જીવન એ પાર્ટટાઇમ મૃત્યુ છે, આત્મગૌરવ વિનાનું જીવન એ ફુલટાઇમ મૃત્યુ છે
- ઝેન કથન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૪૯ | ૪ માર્ચ, ૨૦૧૫, બુધવાર ; ફાગણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## શહેર-જિલ્લામાં સ્વાઈન ફલુના નવા ૩ કેસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર જિલ્લામાંથી સ્વાઈન ફલુના વધુ ૩ કેસ મળી આવ્યા છે. છેલ્લા બે દિવસથી નવા કેસોમાં થઈ રહેલા ઘટાડાને પગલે તંત્રએ થોડોક રાહતનો દમ લીધો છે.

ગાંધીનગર તાલુકામાં શહેર નજીકના ગ્રામ્ય વિસ્તારમાંથી આ કેસ મળી આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સ્વાઈન ફલુને લઈ ગોલથરાના એક વૃદ્ધનું આજે મોત થયું છે. આ વધુ એક મોતને પગલે જિલ્લામાં સ્વાઈન ફલુથી મૃત્યુ પામનારાઓની સંખ્યા ૨૨ પર પહોંચી છે. હાલ જિલ્લાના ૪૬ દર્દીઓ સારવાર હેઠળ છે જ્યારે ૧૦૧ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે.

# ધો.૧૦-૧૨ની પરીક્ષાની હોલ ટિકિટ સાથે સ્વાઈન ફલુ અંગેની જાગૃતિ પત્રિકા અપાશે

### હોલ ટિકિટોનું આજથી વિતરણ કરાશે : ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા ૧૨મી માર્ચથી શરૂ થશે : સ્વાઈન ફ્લુને લઇને તકેદારીના પગલા પણ લેવાયા

અમદાવાદ, તા.૩

આગામી ૧૨ માર્ચથી રાજ્યમાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે. હોલ ટિકિટોનું વિતરણ આવતીકાલથી કરવામાં આવનાર છે. આ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ સ્વાઈન ફલુનો ભોગ ન બને તે માટે તકેદારીનાં ખાસ પગલા લેવા માટે શિક્ષણ બોર્ડ અને રાજય આરોગ્ય વિભાગના અધિકારીઓની બેઠક મળી હતી. જેમાં શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને હોલટીકીટ સાથે સ્વાઈન ફલુનાં લક્ષણો અને સાવચેતી અંગે માહિતી આપતી પુસ્તીકાનું વિતરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને માસ પહેરવાની સુચના આપવામાં આવી છે. આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનાં ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષાઓને ધ્યાને લેતા વર્તમાન સમયમાં ઉભી થયેલી સ્વાઈન ફલુની વ્યાપક પરિસ્થિતિને ધ્યાને લઈ રાજયના આરોગ્ય વિભાગનાં કમિશનર તથા ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં સ્વાઈન ફલુને અટકાવવા તથા તેના રોગને અટકાવવાની જાણકારી આપતી પત્રીકાઓનનું વિતરણ આરોગ્ય વિભાગ દ્વારા દરેક જિલ્લામાં વિદ્યાર્થીઓને તેમની હોલ ટીકીટની સાથે આપાવાનું નક્કીએ કરવા માં આવેલ છે.

સાથે સાથે વિદ્યાર્થીમાં રોગપ્રતિકારક ક્ષમતા વધારનારી આર્યુવેદીક, હોમિયોપેથિક દવાઓનું વિતરણ અને રાજયનાં તમામ પરીક્ષા કેન્દ્રો પર માસ્ક અને સેનેટાઈઝરની વ્યસ્થા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવનાર છે. તેની સૂચના

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

રંગીલો ફાગણ આયો રે... - હોળી પર્વ એટલે લોકપર્વ... વર્ગ કે જ્ઞાતિના ભેદ સિવાય ઉમંગથી ઉજવાતું પર્વ એટલે હોળી પર્વ... ઉમંગ એ રગે-રગમાં પ્રસરે, સમાજના તમામ સ્તરે પ્રસરે અને સૌ એક-મેકને ઉદારતાથી ગઈકાલ ભૂલી પ્રેમથી ભેટે એ જ હોળીનો ઉમંગ, એ જ હોળીનો રંગ... નૃત્ય, તાલ અને લય સાથે રાજસ્થાની પરિવાર ગાંધીનગરની ગલીઓમાં મારવાડી મ્હેંક પ્રસરાવે છે ત્યારે હોળીના આગમનના એંધાણ થાય છે...



















